# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

P G V C L

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડલ જી કે જનરલ હોસ્પિટલલ સામેલભુજ
ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્સ:૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૦ № = 2 3 તારીખ:

રજી. એ. ડી. દ્વારા

પ્રતિશ્રી,

14 FEB 2020

નાગશીભાઈ વીરજીભાઈ નોરીયા,
પ્લોટ નં-૯, ભક્તિનગર,
સર્વે નં-૧/૨, ગામ-કિડાણા,
તા- ગાંધીધામ- કચ્છ,
મોબાઇલ નંબર:- ૯૪૨૬૯ ૯૦૯૯૩

વિષય :– કેસ નંબર પીજી ૦૩/૦૦૫/૨૦૧૯-૨૦
સંદર્ભ :- આપની અરજી નોંધણી નં. પીજી ૦૩/૦૦૫/૨૦૧૯-૨૦

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

(એસ એન વહોનીયા)
કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, અંજાર
(૨) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ગાંધીધામ
(૩) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, આદિપુર

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-03-005-2019-20.

| | | |
|---|---|---|
| અરજદાર | : | શ્રી નાગશીભાઈ વીરજીભાઈ નોરીયા<br>ગામ-કિડાણા, તા - ગાંધીધામ, જિ.-કચ્છ. |
| રજૂઆત કરનાર | : | અરજદારશ્રી પોતે હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | | |
|---|---|---|
| સામાવાળા | : | કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ગાંધીધામ |
| રજૂઆત કરનાર | : | ૧) શ્રી એચ.આર. ખાડોદરા, કાર્યપાલક ઈજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ગાંધીધામ<br>૨) શ્રી ડી. એમ. મહેશ્વરી, સિનીયર આસિસ્ટન્ટશ્રી,પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ગાંધીધામ |

## :: કોરમ ::

૧) શ્રી સી.વી. ઠાકર, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

| | | |
|---|---|---|
| સુનાવણી સ્થળ | : | કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ. |
| તારીખ | : | ૧૭/૦૧/૨૦૨૦ |

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી નાગશીભાઈ વિરજીભાઈ નોરીયા – ગામ- કીડાણા – ગાંધીધામ તાલુકામાં ઘરવપરાશ માટેનું વીજજોડાણ ધરાવે છે. જે આદિપુર પેટાવિભાગીય કચેરી, ગાંધીધામ વિભાગીય કચેરી હેઠળ ધરાવે છે.

૧.૧ સદર કેસની રજૂઆત નીચે મુજબ છે.

૧.૨ અરજદારશ્રી ઘરવપરાશ માટેનું ગ્રાહક નંબર.૩૮૪૦૯/૦૧૭૦૦/૮થી વીજજોડાણ ધરાવે છે. જે આદિપુર પેટાવિભાગીય કચેરી, ગાંધીધામ વિભાગીય કચેરી હેઠળ મેળવેલ છે. જેમા તેઓશ્રીને બીલ વધારે આપતા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૧.૩ અરજદારશ્રી તેઓના વીજવપરાશનું વીજબીલ નિયમિત રીતે ભરપાઈ કરેલ છે. અને આજદીન સુધી તેઓનું કોઈપણ વીજબીલ ભરવાનું બાકી નથી. અરજદારશ્રીની લેખિત અને મોખિક રજુઆત મુજબ તેઓનું વિજ બીલ અત્યાર સુધી માત્ર રકમ રૂ.૩૦૦ થી રૂ.૪૦૦નું જ આવેલ છે.

૧.૪ અરજદારશ્રીના જણાવ્યા મુજબ પીજીવીસીએલ કચેરી દ્વારા જુલાઈ-૧૮ના તેમના ઘરે જુનું વીજમીટર નં. ૧૮૮૩૬૫૦ કાઢી તેની જગ્યાએ નવું ડીઝીટલ વીજમીટર નં. ૦૪૩૫૮૧૧૧વાળું મીટર લગાડવામાં આવેલ.

૧.૫ અરજદારશ્રીના વીજબીલ નવેમ્બર-ડીસેમ્બર-૨૦૧૯ તેમજ જાન્યુઆરી-ફેબ્રુઆરી-૧૯ના વીજબીલમાં મીટર રીડર દ્વારા રીડીંગની કોલમમાં કોઈ આંકડા લખવામાં આવેલ નથી

૧.૬ અરજદારનશ્રીની રજુઆત મુજબ માર્ચ-એપ્રિલ-૨૦૧૯નું વીજબીલ ૬૦૦ યુનિટનું રકમ રૂ.૧૮૫૦/-નું આપવામાં આવેલ. જે તેઓશ્રી દ્વારા તા.૨૯/૦૩/૨૦૧૯ના રોજ રશીદ નં. ૨૧૦૧૧૫થી ભરપાઈ પણ કરેલ છે.

૧.૭ અરજદારશ્રીનું આજદીન સુધીનું કોઈપણ વીજબીલ ભરવાનું બાકી નથી. તેમ છતાં તા.૨૭/૦૫/૨૦૧૯ તેમને ૧૦૦૦ યુનિટનું ૬૬૫૦/-નું વીજબીલ આવતા તેઓશ્રી દ્વારા તા.૨૮/૦૫/૨૦૧૯ના રોજ આદિપુર પેટાવિભાગીય કચેરીના અધિકારી સમક્ષ તેમના ઘરે વીજવપરાશથી ચાલતા સાધનો ન હોવા છતાં તેમણે આપવામાં આવેલ મોટા વિજબીલ માટે રજૂઆત કરેલ. ત્યારબાદ આદિપુર પેટાવિભાગીય કચેરી દ્વારા ચકાસણી બાદ નવું ડીઝીટલ વીજમીટર લગાવવામાં આવેલ તેમજ જુનું વીજમીટર કચેરીની લેબમાં ચકાસણી કર્યા વગર જ પડ્યું છે.

૧.૮ અરજદારશ્રીને આપવામાં આવેલ જુલાઈ-ઓગસ્ટ-૧૯ તેમજ સપ્ટેમ્બર-ઓક્ટોબર-૧૯ના વીજબીલમાં પાછળની બાકી રકમની કોલમમાં લખી વધારાનું બીલ આપવામાં આવેલ અને જે ભરપાઈ કરવા દબાણ પણ કરવામાં આવે છે. જે તેઓશ્રીના વપરાશથી ઘણું વધારે આવેલ છે.

૧.૯ અરજદારશ્રી તેઓને આપેલ વધારે બીલની યોગ્ય તપાસ કરી ન્યાય મેળવવા માટે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી નાગશીભાઈ વિરજીભાઈ નોરીયા, ગ્રાહક નંબર.૩૮૪૦૯/૦૧૭૦૦/૮થી ઘરવપરાશનું વીજજોડાણ ધરાવે છે.

૨.૧ અરજદારશ્રીને આદિપુર પેટાવિભાગીય કચેરી દ્વારા રકમ રૂ. ૨૦,૯૦૬.૧૮/- આપેલ જેના કારણે આ ફરિયાદ ઉદ્ ભવેલ છે.

૨.૨ અરજદારશ્રીને વીજબીલ વધારે આવતા તેઓશ્રી એ અત્રેની કચેરીએ ફરિયાદ કરેલ. જેથી આ વીજજોડાણનું મીટર બદલાવી ગાંધીધામ વિભાગીય કચેરી લેબોરેટરીમાં ચકાસણી કરતા મીટર ટેસ્ટીંગ બરાબર આવેલ છે.

૨.3 અરજદારશ્રીનું વીજમીટર લેબોરેટરીમાં ચેક કરતા કોઈ ફોલ્ટ ન હોવાનું અને સદર બીલ તેમના વીજ વપરાશનું જ હોઈ તેમણે આપવામાં આવેલ બીલ તેઓને ભરવાપાત્ર છે. અરજદારશ્રીને દર બે મહીને તમેના વિજવપરાશ મુજબ બીલ આપવામાં આવેલ છે.

૨.૪ અરજદારશ્રીની રજુઆતના આધારે તા. ૧૪.૦૬.૨૦૧૯ના રોજ તેઓશ્રીનું જુનું વીજમીટર નં. ૧૮૮૩૬૫૦ ઉતારવામાં આવેલ. જુનું વીજમીટર જે ઉતારવામાં આવેલ તે મીટરમાં રીડીંગ ૯૬.૭ યુનિટ હતા. જેથી તેમના છેલ્લા નોંધાયેલ રીડીંગ ૮૫૨૨થી મીટર ઉતારેલ રીડીંગ ૯૬.૭ પ્રમાણે મીટર ચાર ડીજીટનું હોતા રીડીંગ રોટેટ થયેલ છે.

૨.૫ અરજદારશ્રીનેની આપેલ રીડીંગ રોટેટ કરેલ વપરાશની ગણતરી મુજબ રીડીંગ ૮૫૨૨ થી ૯૯૯૯ = ૧૪૭૮ યુનિટ + ૯૭ રીડીંગ એટલે કે કુલ ૧૫૭૫ યુનિટ જુના વીજમીટરનો વપરાશ થાય તેમજ નવા વીજમીટર નં. ૦૪૩૫૮૧૧૧નાં રીડીંગ વાંચન ૧૩૦૨ યુનિટની ગણતરી કરી તેમને આપવામાં આવેલ વીજબીલ રકમ રૂ. ૨૦૯૦૬.૧૮/- છે. જે બરાબર છે અને આ વીજબીલ અરજદારશ્રીને ભરવાપાત્ર છે.

૨.૬ અરજદારશ્રીની આપેલ રકમ રૂ. ૨૦૯૦૬.૧૮/- વીજબીલ તેઓશ્રીના વપરાશ પ્રમાણે આપેલ છે. જે તેઓશ્રીના વીજમીટરમાં નોંધાયેલ યુનીટ એ જોડાયેલ વીજભાર સાથે સુસંગત છે.

૨.૭ અરજદારશ્રીને આદિપુર પેટા વિભાગીય કચેરી તરફથી આપેલ વીજબીલ ભરવાપાત્ર થાય છે.

## :: હુકમ ::

3.0 સુનાવણી સમયે રજૂઆત કરનારની તેમજ સામાવાળાની લેખિત અને મોખિક રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાના આધારે નીચે મુજબના તારણ પર આવી શકાય.

3.૧ અરજદારશ્રી સુનાવણીના સમયે કરેલ રજુઆત મુજબ ઘરવપરાશ માટેનું ગ્રાહક નંબર.3૮૪૦૯/૦૧૭૦૦/૮ થી વીજજોડાણ ધરાવે છે. જે આદિપુર પેટાવિભાગીય કચેરી, ગાંધીધામ વિભાગીય કચેરી હેઠળ મેળવેળ છે. જેમા તેઓશ્રીને બીલ વધારે આપતા ફરીયાદ કરવામાં આવેલ છે.

3.૨ અરજદારશ્રી તેઓના વીજવપરાશનું વીજબીલ નિયમિત રીતે ભરપાઈ કરેલ છે. અને આજદીન સુધી તેઓનું કોઈપણ વીજબીલ ભરવાનું બાકી નથી. અરજદારશ્રીની લેખિત અને મોખિક રજુઆત મુજબ તેઓનું વિજ બીલ અત્યાર સુધી માત્ર રકમ રૂ.3૦૦ થી રૂ.૪૦૦નું જ આવેલ છે. અરજદારશ્રીના જણાવ્યા મુજબ પીજીવીસીએલ કચેરી દ્વારા જુલાઈ-૧૮ના તેમના ઘરે જુનું વીજમીટર નં. ૧૮૮૩૬૫૦ કાઢી તેની જગ્યાએ નવું ડીઝીટલ વીજમીટર નં. ૦૪૩૫૮૧૧૧વાળું મીટર લગાડવામાં આવેલ.

3.3 અરજદારશ્રીની ઉપરોક્ત ફરીયાદ આધારે વીજમીટર લેબોરેટરીમાં ચેક કરતા કોઈ ફોલ્ટ ન હોવાનું અને સદર બીલ તેમના વીજ વપરાશનું જ હોઈ તેમણે આપવામાં આવેલ બીલ તેઓને ભરવાપાત્ર છે. અરજદારશ્રીને દર બે મહીને તમેના વિજવપરાશ મુજબ બીલ આપવામાં આવેલ છે.

3.૪ અરજદારનશ્રીની રજુઆત મુજબ માર્ચ-એપ્રિલ-૨૦૧૯નું વીજબીલ ૬૦૦ યુનિટનું રકમ રૂ.૧૮૫૦/-નું આપવામાં આવેલ. જે તેઓશ્રી દ્વારા તા.૨૯/03/૨૦૧૯ના રોજ રશીદ નં. ૨૧૦૧૧૫થી ભરપાઈ પણ કરેલ છે. અરજદારશ્રીના વીજમીટરમાં નોધાયેલ યુનીટ એ જોડાયેલ વીજભાર સાથે સુસંગત છે.

3.૫ અરજદારશ્રીને આપેલ વીજબીલ તેમના જુના અને નવા મીટરમાં નોધાયેલ યુનીટ જોડાયેલ વીજભારને સુસંગત હોઈ સદર વીજબીલ ભરવાપાત્ર છે.

3.૬ અરજદારશ્રીને પીજીવીસીએલ દ્વારા રીડીંગ રોટેટ કરેલ વપરાશની ગણતરી મુજબ રીડીંગ ૮૫૨૨ થી ૯૯૯૯ = ૧૪૭૮ યુનિટ + ૯૭ રીડીંગ એટલે કે કુલ ૧૫૭૫ યુનિટ જુના વીજમીટરનો વપરાશ થાય તેમજ નવા વીજમીટર નં. ૦૪૩૫૮૧૧૧નાં રીડીંગ વાંચન ૧૩૦૨ યુનિટની ગણતરી કરી તેમને આપવામાં આવેલ વીજબીલ રકમ રૂ. ૨૦૯૦૬.૧૮/- છે. જે બરાબર છે અને આ વીજબીલ અરજદારશ્રીને ભરવાપાત્ર છે.

3.૭ આમ, અરજદારશ્રીને પીજીવીસીએલ આદિપુર પેટાવિભાગીય દ્વારા આપવામાં આવેલ વીજબીલ કંપનીના નિયમાનુસાર ભરવાપાત્ર છે.

3.૮ વધુમાં, પીજીવીસીએલે અરજદારશ્રીને ભરવાપાત્ર વીજબીલ વધુ હોવાથી તેઓશ્રીને કંપનીના નિયમાનુસાર હપ્તા કરી આપવા અને ગ્રાહક પાસેથી હપ્તા સમયસર વસુલ કરવા.

3.૯ આમ, અરજદારશ્રી ની અરજી ફેંસલ કરવામાં આવે છે તથા અરજદારની ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

Joshi. Nitinkumar.
એન. એચ. જોષી
સ્વતંત્ર મેમ્બર

(signature) ઠાકર
ચેરપર્સન

<u>નોંધ:</u>

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમનાસંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-3૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯